CHIPS Express
www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર.
M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૯૧ | ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૮, ગુરૂવાર; ભાદરવા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**નવાઝ શરીફની સજા રદ**

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન નવાઝ શરીફને મોટી રાહત મળી છે. ઈસ્લામાબાદ હાઈકોર્ટે નવાઝ શરીફ સહિત તેની દીકરી મરિયમ નવાઝ શરીફ અને જમાઈની સજા રદ કરી છે. એવેન ફીલ્ડ પોપર્ટી કેસમાં આ ચૂકાદો આવ્યો છે.

**પત્રકાર વિષ્ણુ ખરેનું નિધન**

હિન્દી અકાદમીના ઉપાધ્યક્ષ વિષ્ણુ ખરેનુ નિધન થયુ છે. તેઓને બ્રેન હેમરેજ બાદ દિલ્હીની જીબી પંત સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

**દિલ્હીના વડીલોને નિઃશુલ્ક તીર્થયાત્રા**

કેજરીવાલ સરકાર રાજધાનીના વરિષ્ઠ નારિકોને નિઃશુલ્ક તીર્થયાત્રા કરાવશે. લગભગ ૭૭ હજાર યાત્રિકોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે.

# ત્રિપલ તલાક વટહુકમને મંજુરી

**અંતે ત્રિપક તલાક વટહુકમને કેન્દ્રીય કેબિનેટની બહાલી : સંસદના બંને ગૃહોમાં નિષ્ફળતા મળતા વટહુકમ લાવવા ફેંસલો : સરકાર પાસે છ મહિનાનો સમય રહેશે : મુસ્લિમ મહિલાઓના અધિકારોના જતન કરવાનો હેતુ છે : વોટ બેંકની રાજનીતિ રમવાનો કોંગ્રેસ પર આક્ષેપ**



નવી દિલ્હી,તા. ૧૯

કેન્દ્રની મોદી સરકારે આખરે ત્રિપલ તલાક સાથે સંબંધિત વટહુકમને આજે લીલીઝંડી આપી દીધી હતી. આની સાથે જ સરકારની પાસે હવે તેને પસાર કરવા માટે છ મહિનાનો સમય રહેશે. મોદી સરકારે ત્રિપલ તલાક બિલ સંસદમાં અટવાઈ પડતા હવે તેને લાગુ કરવા માટે વટહુકમનો રસ્તો અપનાવવા માટેનો નિર્ણય કર્યો છે. આજે યોજાયેલી કેબિનેટની બેઠકમાં આ વટહુકમને લીલીઝંડી આપી દેવામાં આવી હતી. આ વટહુકમ હવે છ મહિના સુધી અમલી રહેશે. એ વખત સુધી સરકારને આને પસાર કરવાની જરૂર રહેશે. એટલે કે સરકારને હવે શિયાળુ સત્રમાં જ આ બિલને પસાર કરવાનુ રહેશે. લોકસભામાં આ બિલ પસાર થયા બાદ આ બિલ રાજ્યસભામાં અટવા ગયુ હતુ. કોંગ્રેસે સસદમાં કહ્યુ હતુ કે તે બિલમાં કેટલાક ફેરફાર કરવામાં આવે તેમ ઈચ્છે છે. ત્રિપલ તલાક બિલ અંગે વટહુકમને આજે લીલીઝંડી આપી દેવામાં આવી હતી. પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે આ સંદર્ભમાં તમામ માહિતી પુરી પાડી હતી. ત્રિપલ તલાક પર વટહુકમ લાવવા માટેના કારણ દર્શાવતા તેમણે કહ્યું હતું કે, મુસ્લિમ મહિલાઓને ન્યાય અપાવવા માટે આ વટહુકમ લાવવાની જરૂર હતી. કેન્દ્ર સરકારે આ મામલા પર કોંગ્રેસ અને સોનિયા ગાંધી પર વોટબેંકની રાજનીતિ મુકવાનો આક્ષેપ કરતા તેમની ઝાટકણી કાઢી હતી. મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની આજે બેઠક મળી હતી જેમાં ત્રિપલ તલાકના સંદર્ભમાં વટહુકમને લીલીઝંડી આપવામાં આવી હતી. રવિશંકર પ્રસાદે ત્રિપલ તલાક બિલને પાસ ન થવા દેવાનો કોંગ્રેસ ઉપર આક્ષેપ કર્યો હતો. પ્રસાદે કહ્યું હતું કે, કોંગ્રેસે વોટબેંકની રાજનીતિના કારણે રાજ્યસભામાંથી આ બિલને પસાર થવાની તક આપી નથી. આને પાસ કરવા માટે રાજ્યસભામાં કોંગ્રેસના નેતા ગુલામ નબી આઝાદ સાથે પાંચ વખત વાત કરવામાં આવી હતી પરંતુ તેઓએ વાત કરવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારબાદ કોંગ્રેસે કહ્યું હતું કે, અન્ય પક્ષોના અભિપ્રાય મેળવવામાં આવે તે જરૂરી છે. પ્રસાદે આક્ષેપ કરતા કહ્યું હતું કે, સોનિયા ગાંધી જેવી એક

● અનુસંધાન પાન-૭ પર

## સત્તામાં આવવા મત મળશે તો ૩૫એ અકબંધ જ રહેશે : કોંગ્રેસ

નવી દિલ્હી, તા. ૧૯

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૫એના મુદ્દા પર જારી રાજકીય ઘમસાણ વચ્ચેનેશનલ કોન્ફરન્સ અને પીડીપી બાદ હવે કોંગ્રેસ પાર્ટીએ પણ ૩૫એને લઈને સમર્થન કરવાની વાત કરી છે. સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ રહેલા આ મામલામાં આજે એક નિવેદન કરતા રાજ્યમાં કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ ગુલામ અહેમદ મીર દ્વારા કહેવામાં આવ્યું હતું કે, જો આગામી સમયમાં કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવશે તો ૩૫એ પર કોઈપણ પ્રકારની અડચણ આવશે નહીં. આજે શ્રીનગરમાં મિડિયા સાથે વાતચીત કરતા મીરે કહ્યું હતું કે, જમ્મુ કાસ્મીરમાં કોંગ્રેસ પાર્ટી કલમ ૩૫એના રક્ષણ માટે કામ કરી રહી છે. જો આવનાર સમયમાં અમને સત્તા મળશે તો કલમ ૩૫એ પર કોઈપણ અડચણ આવશે નહીં. કોંગ્રેસ પાર્ટીએ હાલમાં જ કલમ ૩૫એના મુદ્દા ઉપર રાજ્યમાં બનેલી અસમસંજની સ્થિતિ અને રાજકીય વિરોધને ધ્યાનમાં લઈને કેન્દ્રમાં પંચાયત ચૂંટણી પર પોતાનું વલણ સ્પષ્ટ કરવાની માંગ

● અનુસંધાન પાન-૭ પર

## એનઆરસી મામલે દાવા-વાંધઓ સ્વીકારવા માટેનો હુકમ થયો

**એનઆરસીને લઇને સુપ્રીમમાં સુનાવણી કરાઈ : ૪૦ લાખ લોકોના દાવા અને વાંધાઓ મેળવવાની પ્રક્રિયા ૨૫મી સપ્ટેમ્બરથી શરૂ થશે : પ્રક્રિયા ૬૦ દિવસ ચાલશે**

નવી દિલ્હી, તા. ૧૯

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આસામના એનઆરસીના ડ્રાફટથી બહાર કરવામાં આવેલા વ્યક્તિઓના દાવા અને વાંધાઓ સ્વીકાર કરવા માટેનું કામ શરૂ કરવા માટેનો આદેશ કરી દીધો છે. જસ્ટિસ રંજન ગોગોઈ અને જસ્ટિસ આરએફ નરિમનની બેંચે કહ્યું હતું કે, એનઆરસીના મુસદ્દાથી છુટી ગયેલા આશરે ૪૦ લાખ લોકોના દાવા અને વાંધાઓ પ્રાપ્ત કરવા માટેની પ્રક્રિયા ૨૫મી સપ્ટેમ્બરે શરૂ થશે અને આ પ્રક્રિયા આગામી ૬૦ દિવસ સુધી ચાલશે. સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યું હતું કે, અમારી માનવું છે કે, આ સમયે અમને જુલાઈ મહિનામાં પ્રકાશિત કરવામાં આવેલા એનઆરસીના મુસદ્દામાં સામેલ કરવાના દાવા અને વાંધાઓ દાખલ કરવાની પ્રક્રિયા ઉપર ભાર મુકવાની જરૂર છે. સુપ્રીમની બેંચે એમ પણ કહ્યું હતું કે, આ મામલાના કેસને ધ્યાનમાં લઈને નાગરિકોને બીજી તક પણ આપવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટની બેંચે આ મામલામાં હવે ૨૩મી ઓક્ટોબરના દિવસે વધુ વિચારણા કરવાનો સમય નક્કી કર્યો છે. સુપ્રીમ કોર્ટની બેંચે એમ પણ કહ્યું હતું કે, રાષ્ટ્રીય નાગરિક

● અનુસંધાન પાન-૭ પર

સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સહેલી ગ્રુપ દ્વારા આયોજીત
લકી ડ્રો ફોર વિઝીટર
ફ્રી એન્ટ્રી
EXHIBITION Cum SALE
(કુર્તી, રેડીમેડ ડ્રેસીસ, ચણીયા ચોલી, ઈમીટેશન જ્વેલરી, હેન્ડીક્રાફ્ટ આઈટમ વગેરે)
૨૧,૨૨ અને ૨૩ મી સપ્ટેમ્બર-૨૦૧૮ (શુક્ર,શનિ,રવિ)
: સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૮.૦૦
: સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજની વાડી સેક્ટર-૭, ગાંધીનગર.
Happiness Corner

મોતીયા નું ઓપરેશન?
મોતી જેવી આંખ માટે ઓપરેશન એક વાર થાય વારંવાર નહીં...
આજે જ તપાસ કરાવો...



અમદાવાદની શ્રેષ્ઠ આંખની હોસ્પિટલ
TOI હેલ્થ સર્વે ૨૦૧૬
તેજ આઇ સેન્ટર શા માટે?
**૫૦,૦૦૦ થી વધારે સફળ** આંખના ઓપરેશન
**૨૦ વર્ષમાં ૫ લાખથી** વધુ લોકોનો વિશ્વાસ
**૧૦૦% કેશલેસની** સુવિધા
ફ્રી આઇ ચેકઅપ
આધુનિક કેમેરા દ્વારા ડાયાબિટીસથી થતા આંખના રોગોની તપાસ
(તારીખ ૨૦ સપ્ટેમ્બર થી ૦૫ ઓક્ટોબર ૨૦૧૮)
ગાંધીનગર: ૯૦૧/૧, સેકટર-૭/સી, 'ઘ' રોડ, મેઈન બસ ડેપો પાસે.
ફોન : 079-2324 5126 મો. : 99240 88500
અન્ય શાખાઓ: કલોલ | ચાંદખેડા | અમદાવાદ
તેજ આઈ સેન્ટર
॥ तमसो मा ज्योतिर्गमय ॥
સુપર સ્પેશિયાલિટી આંખની હોસ્પિટલ
ઓપ્ટિકલ્સ
મોતિયો | પડદાની તપાસ | ઝામર
ચશ્માના નંબર ઉતારવાનું ઓપરેશન
contact@tejeyecenter.com | www.tejeyecenter.com
ફ્રી હેલ્પલાઇન : 08030636480

GANDHINAGAR'S
FIRST & BIGGEST
FOOD PARK
WITH CLEAN & HYGIENE AREA
OPEN INVITATION
VISIT TODAY & GET 15% DISCOUNT



TODAY Grand Opening
BY OUR Hon. Dy. Chief Minister Shree Nitinbhai Patel
THE SPICY STREET
Food with Fun
Food Park
CLEAN & HYGIENIC
600+ Food Varieties
Entertainment
Free Wi-Fi
Free Live Movie/Sports
DJ /Events
Fun Park
Kids Rides
Indoor Games
Outdoor Games
Opp. Nagraj Party Plot, Kudasan Road, Kudasan, Gandhinagar-382421.
Call. 9909011291, 8758585880